## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

તારી સડકો ઉપર સરકતી રહી છે..
મારી જીવનસફર.. ધન્ય છું..
તારા અવિરત પ્રેમથી મારા હૃદયના પાટનગર !
આજ તારા અવતરણનો અદકેરો આનંદ
હેપ્પી બર્થ ડે વ્હાલા ગાંધીનગર!

### પાથેય

- રમેશ ઠક્કર

## ફુલદાની જેવું આ નગર

ગાંધીનગર એક ફલાવરવાઝ છે..એનો અલગ ઠસ્સો છે..આગવું સૌંદર્ય છે.એમાં ધબકાર છે લય છે હલચલ છે..ફરક એટલો છે કે એની એક શિસ્ત છે..અહીં હવામાં પણ એક આદેશ ફરતો રહે છે..આકાશ પણ ઘડિયાળના ટકોરે ફરતું રહે છે..ખેતરોનો પણ એક પ્રોટોકોલ છે..ઝાડવાં વચ્ચે પણ જાણે કામગીરીની વહેંચણી છે..અહીં ફાઈલો વચ્ચે લાઈફ છે..પાટનગર આજે પ્રેમથી તરબતર છે..કેમ કે આજે એનો જન્મદિવસ છે.

આમ તો નગરના હાર્દ સમા સેકટર એકવીસની લક્ષ્મી બેકરીની એકાદી મસ્ત કેક લાવી એનો જન્મોત્સવ મનાવી શકાય..સેક્ટર ત્રીસ જીઈબી કોલોનીના જૂના પરિસરમાં એના પ્રસવની એક તકતી હજુ પણ તગતગે છે..ત્યાં ફૂલહાર કરી એનું અભિવાદન કરી શકાય..નગરના નમણે ખૂણે બિરાજમાન પંચદેવ મહાદેવના પ્રાંગણમાં વરસાદી સાંજે વહેતા ઝાલરના સૂરમાં એનું ગાન થઈ શકે..આ નગરમાં ઉત્સવો,અભિવાદન, આવકાર, કે વિદાય એ સહજ બનતી ઘટનાઓ છે..એ રીતે જોઈએ તો આ શહેર સ્થિતપ્રજ્ઞતાની મૂર્તિ જેવું છે..!

આજે એનો ૫૮મો જન્મદિવસ છે..૨/૮/૧૯૬૫ના રોજ એની પ્રથમ ઈંટ મુકાઈ..એનો જન્મ જ પાટનગર તરીકે થયો છે..! એ જન્મજાત રાજધાની છે. આવું નસીબ ગુજરાતના કોઈ શહેરને પ્રાપ્ત થયું નથી.ગાંધીનગર ગુજરાતનું અનોખું પાટનગર બન્યું છે. મધ્ય કાલીન સમયમાં પ્રથમ પાટનગર આનર્તપુર (વડનગર પાસે આવેલું) હતું, બીજુ ધ્વરાવતી (દ્વારકા), ત્રીજુ ગીરીનગર (જૂનાગઢ), ચોથું વલ્લભી (ભાવનગર), પાંચમુ અણહીલપુર (પાટણ), છઠ્ઠું રાજકોટ (ગુજરાતી ભાષી સૌરાષ્ટ્રનું પાટનગર), સાતમું અમદાવાદ અને આઠમું ગાંધીનગર પાટનગર બન્યુ છે.

સાઈઠનો શ્વાસ લઈ રહેલું આ નગર હવે શષ્ટિપૂર્તિ સમારોહની પ્રતિક્ષામાં છે..એના રસ્તાઓ ઉપરની ચુપકીદી હવે કોલાહલમય થતી જાય છે..એનો ગ્રામ્ય લિબાશ હવે મહાનગરના ચળકાટ તરફ ગતિ કરતો જાય છે..ગાંધીનગર એક હરિયાળું નગર કહેવાય છે..ગુજરાતનાં અન્ય નગરોની તુલનાએ જોઈએ તો એ ખાસ્સું યુવાન છે..અમદાવાદ જેવા ઐતિહાસિક શહેરના વિકલ્પે મળેલું આ શહેર છે..અને એટલે જ આપણે સહુ જાણે અજાણે એની તુલના અમદાવાદ સાથે કરતા રહીએ છીએ..આરંભે આ નગર પેથાપુર,કલોલ કે દહેગામ જેવાં નાનકડાં નગરની મોટી હસ્તપ્રત જેવું લાગતું..! એકસરખાં ચોકઠાંની રમત જેવો એનો દેહ સેક્ટર્સ નામના અંગોથી ઓળખાતો..શોપિંગ સેન્ટર્સ અને ઈક્વાયરી ઓફિસ જેવા વિસ્તારો એની આગવી ઓળખ હતા..ક ખ ગ ઘ ચ છ જેવાં નામ રસ્તાઓનાં હોય એ રોમાંચક લાગતું..એ જ કક્કાવારી મુજબનાં મકાનો પણ હતાં..એમાં પણ ક ટાઈપનાં મકાનો શિરમોર ગણાતાં..આ બધી વિરાસત હજુ પણ દેખાય છે પરંતુ હવે આ નગર એની ત્રીસ ચોકઠાંની દુનિયાથી બહાર કૂદીને ફેલાવા માંડયું છે ચારેકોર. પેથાપુર કે વાવોલ કુડાસણ, કે સરગાસણ એના થકી શહેરી લિબાશ પામી હવે નવા ગાંધીનગરનો હિસ્સો બની ગયાં છે..!હવે એ ગામો નથી..આધુનિક શહેરી વિસ્તારો છે..પોતાનો પાંખો ફેલાવતું પાટનગર અમદાવાદી થવાના શમણે છે..એ મહાનગર થવા થનગની રહયું છે..

આપણે એવું માનીએ છીએ કે પાટનગર એટલે વિધાનસભા સચિવાલય અને સરકારી કચેરીઓ..પણ સાવ એવું નથી..આ નગરની પણ આગવી શાન છે..અહીં દરેક ધર્મનાં દેવસ્થાનો છે..નયનરમ્ય બગીચાઓ છે..સમૃધ્ધ પુસ્તકાલયો છે..પુનિત વન,સરિતા ઉદ્યાન કે ગીર ફાઉન્ડેશનનાં અદ્ભુત પ્રાકૃતિક સ્થળો છે..સેવાભાવી ટ્રસ્ટ છે..સદાવ્રત છે..લોકસેવા કરતી સંસ્થાઓ છે. શૈક્ષણિક સંકુલો છે..દાંડી કુટિર કે આધુનિક રેલ્વે સ્ટેશન જેવાં આકર્ષણો પણ છે..નગરમાં અનેક કવિ લેખકો અદાકારો સંગીતકારો અને ગાયકો પણ વસે છે..ગાંધીનગર સમાચાર જેવું પોતાનું અખબાર છે..સાહિત્ય સભા છે. જીમખાના કે આધુનિક હોસ્પિટલો પણ છે..ગાંધીનગર એક સરકારી કર્મચારીઓનું નગર હતું એ વાત હવે ઈતિહાસ છે..એની પાસે હવે વિસ્તરતી ભુગોળ છે..નવો ધબકાર છે..પાટનગરના જન્મદિવસે એને "હેપ્પી બર્થ ડે.." કહી આપણે એનું અભિવાદન કરીએ...

# ગુજરાતની ગરવી રાજધાનીની વિકાસયાત્રા કાબિલેદાદ

**તંત્રીસ્થાનેથી...**

મહાગુજરાતની લોકલડત ચલાવનારા ઈંદુલાલ યાજ્ઞિકને કલ્પના નહોતી કે ગુજરાત રાજયને 'ગાંધીનગર' નામે ગરવી રાજધાની સાંપડશે. એ વખતે તો વડોદરા પણ રેસમાં હતું. પરંતુ અમદાવાદ જયારે ગુજરાતની આર્થિક રાજધાની હોય ત્યારે નવી રાજધાની કયાંક એની નજીક બનવી જોઈએ એ વિચાર સાથે બધા સહમત હતા. આખરે સાબરમતીની ઓળખ અને ગાંધીનું નામ અકબંધ રહે એ રીતે અમદાવાદથી ઓતરાદી દિશામાં સાબરમતીના જ કિનારે નવી નગરી વસાવવાનું નક્કી થયું અને એની પહેલી ઈંટ ૧૯૬૫ના ઓગસ્ટ મહિનાની બીજી તારીખે મુકાઈ તે ઐતિહાસિક ક્ષણ ગાંધીનગરના જન્મદિવસ તરીકે ઊજવાતી રહી છે. ગાંધીનગરને આજે અઠ્ઠાવનમું બેસે છે. એના સમોવડિયા કર્મચારીઓ માટે એ નિવૃત્તિ પર્વ હોઈ શકે પણ ગાંધીનગર માટે તો આ 'ચઢતી જુવાની' નો સમયગાળો છે ! કયાં હતું અને કેવું હતું આ ગાંધીનગર? કેટલાંક ગામડાની જમીન સંપાદિત કરીને ચંડીગઢની પેટર્ન પર વસવાયેલી આ નગરી આજે ગુજરાતના આઠ મહાનગરો પૈકીનું એક નગર તો ખરું જ; સાથે જ દેશ અને દુનિયાનું 'હરિયાળું નગર' એની હરિયાળી જ એની ખરી ઓળખ હતી જે લુપ્ત ન થાય એની તકેદારી રાખવાની દરેક ગાંધીનગરવાસીની ફરજ બની જાય છે. સ્થઆપના તો એની સરકારી નગર તરીકે થઈ હતી પરંતુ એની કુંડળીમાં સરસ્વતી અને લક્ષ્મીનો યોગ પણ હતો. એટલે એ રાજનગરીની સાથે જ વિદ્યાનગરી અને સંસ્કારનગરી તરીકે વિકસતું રહ્યું તો બીજી તરફ અહીં ઈન્ફોસિટીથી શરૂ કરી ગિફ્ટસિટી સુધીનાં આર્થિક સંકુલો સ્થપાયાં. આખા ગુજરાતના કોઈ મહાનગરમાં નહીં હોય એવું શૈક્ષણિક વાતાવરણ ગાંધીનગરમાં સરજાયું છે. શરૂ શરૂમાં ધૂળિયા રસ્તા, નેળિયા અને ખેતરો વચ્ચે ઊગી આવેલી સરકારી વસાહત લાગતી રાજધાનીમાં કોઈ રહેવા તૈયાર નહોતું. આજે ગુજરાતનું સૌથી વધુ પ્રદૂષણમુક્ત નગર હોઈ ગાંધીનગરમાં રહેવું એ ઘણા બધા બ્યુરોક્રેટ્સથી લઈ સુખિયાં લોક માટે પ્રથમ પસંદગીની બાબત બની ગયેલ છે. ત્યારે અમદાવાદથી ભરાઈને ગાંધીનગરમાં ડબલ ડેકરોમાં કર્મચારીઓ ઠલવાતા હતા. હવે એનું સ્થાન મેટ્રો રેલ લેવાની છે. અક્ષરધામ અને બોરીજના જૈન મંદિર કે પંચદેવ મંદિર જેવાં ધાર્મિક પ્રતિષ્ઠાનો ઉપરાંત અહીં રળિયામણા ઉદ્યાનો છે. સરિતા ઉદ્યાન અને પ્રકૃતિ ઉદ્યાન કે સેકટર-૨૮ના બાળકોને પ્રિય બગીચા ઉપરાંત વયસ્કો માટે પુનિતવન છે. મેડિકલ કૉલેજ સાથે સિવિલ હોસ્પિટલ છે અને શરૂઆતમાં માત્ર સેન્ટ ઝેવિયર્સ, ગુરુકુળ કે કડી સર્વવિદ્યાલય જેવી નામાંકિત શાળાો હતી ત્યાં અસંખ્ય ખાનગી વિદ્યાપ્રતિષ્ઠાનો અને યુનિવર્સિટી, પેટ્રોલિયમ યુનિવર્સિટી, નેશનલ લૉ યુનિવર્સિટી ઉપરાંત ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટ અને નિરમા યુનિવર્સિટી જેવી વિશ્વ પ્રસિદ્ધ વિદ્યાસંસ્થાઓથી ગાંધીનગરને રાજકીય કરતાં સવાઈ ઓળખ તો એક સાંસ્કૃતિક નગરી તરીકેની પ્રાપ્ત થઈ છે. અહીં સર્જકો છે, વૈજ્ઞાનિકો છે, સંતો-મહંતો છે. વરિષ્ઠ નાગરિકો પણ ચેતનવંતા રહી શકે એવી પ્રવૃત્તિઓ ચાલતી રહે છે. કલ્ચરલ ફોરમથી લઈ સંગીત અને કલાને પ્રોત્સાહિત કરતી સંસ્થાઓએ વૈશ્વિક ઓળખ ઊભી કરી છે. કયારેક અહીં બાબુભાઈ જશભાઈ, માધવસિંહ સોલંકી, કેશુભાઈ પટેલ, અમરસિંહ ચૌધરી કે શંકરસિંહ વાઘેલા જેવા નેતાઓની બોલબાલા હતી. પછી નરેન્દ્ર મોદી યુગ આવ્યો અને ગાંધીનગર દિલ્હીનો પર્યાય બની ગયું ! ગાંધીનગરની સાચી ઓળખ સમું મહાત્મા મંદિર અને મહાત્માને કયારેય સપનું પણ નહીં આવ્યું હોય એવી કેપિટલ રેલવે સ્ટેશન પર બંધાયેલી સપ્તતારક હોટલ લીલા ! ગાંધીનગરના રેલવે સ્ટેશનને વડાપ્રધાનના વારાણસી તીર્થક્ષેત્ર સાથે જોડતી ટ્રેન મળી છે. અહીંના સચિવાલયની ઈમારતો સ્વર્ણિમ બની ગઈ છે અને વિધાનસભાનું મકાન ગાંધીનગરની શાન જેવું લાગે છે. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કલ્પનાની 'ગિફ્ટસિટી'માં તો હવે બુલિયન માર્કેટ શરૂ થનાર છે. એ ગુજરાતની સૌથી ઈંચી ઈમારત વાળી ઈંદ્રપુરી જ બની રહેશે. બાય ધ વે, ગાંધીનગરની જન્મકુંડળી માંડતી એક નવલકથા પણ આર.આર.શેઠની કંપનીએ છાપી છે : નામ છે - 'ઈંદ્રાવતી'.

## ગાંધીનગરનો ૫૮મો સ્થાપના દિવસ

# ગાંધીનગર વયની સાથે વિકાસ ઉપરાંત વિસ્તારની દ્રષ્ટિએ પણ વિશાળ બન્યું છે

**પ્રસંગસર**

સ્માર્ટ સિટીના સંકલ્પ સાથે રાજ્યનું પાટનગર ગાંધીનગર રાજ્યનાં અન્ય શહેરો માટે રાહબર બનવા સાથે આજે રચનાનાં ૫૭ વર્ષ પુર્ણ કરીને ૫૮મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. બહુઆયામી વિકાસની દિશામાં રાજ્ય સરકારે દાખવેલા દુરંદેશીપુર્ણ આયોજન થકી આપણું ગાંધીનગર સફળતાનાં નવા સોપાન સર કરી રહ્યુ છે.ગાંધીનગર જિલ્લો વિકાસની આ કૂચમાં અગ્રેસર તો છે જ પણ, વિકાસની સાથોસાથ વિવિધ ક્ષેત્રોમાં પણ સિમાચિન્હો અંકિત કરી રહ્યુ છે અને રાજ્યને વિકાસનું નેતૃત્વ પુરુ પાડી રહ્યું છે.

ગાંધીનગર આજે વિસ્તારની દ્રષ્ટિએ વિશાળ બન્યું છે. શરુઆતમાં ૨૮ અને ૨૯ એમ માત્ર બે સેક્ટરોથી જાણીતું ગાંધીનગર આજે ૧ થી ૩૦ સેક્ટરો અને 'ક' થી 'જ' નાં માર્ગો કે, ૧ થી ૭ સર્કલો પૂરતું સિમીત નથી રહ્યું. આજે ગાંધીનગમાં આસપાસનાં ઘણાં ગામોનો સમાવેશ થયો છે. છેલ્લે તા. ૧૮/૬/૨૦૨૦ના રોજ ૧૮ ગ્રામપંચાયતો; રાંધેજા, કોલવડા, વાવોલ, પોર, અંબાપુર, ભાટ, કોબા, અમિયાપુર, સુઘડ, ખોરજ, નભોઈ, કોટેશ્વર અને ઝુંડાલ ઉપરાંત ગાંધીનગરમાં ભળી ગયેલા સરગાસણ, કુડાસણ, રાંદેસણ અને વાસણા હડમતિયા તથા એક નગરપાલિકા – પેથાપુરનો સમાવેશ ગાંધીનગર મહાનગરમાં કરી લેવાતાં આજે ગાંધીનગરનો વ્યાપ વધ્યો છે.

“ગાંધીનગરનો ભુતકાળ ભવ્ય છે. વર્તમાન વિકાસશીલ છે અને ભવિષ્ય ઉજ્જ્વળ છે. ભુતકાળની જો વાત કરીએ તો આપણે સૌ જાણીએ છીએ કે, વર્ષ ૧૯૬૪માં અમદાવાદ અને મહેસાણા જિલ્લામાંથી અલગ કરીને ગાંધીનગરની રચના કરવામાં આવી. ગાંધીનગરનું નિર્માણ ફ્રેન્ચ આર્કિટેક્ટ લા-કાર્બુઝિયર દ્વારા પંજાબના ચંદીગઢની પેટર્ન મુજબ ૩૦ સેકટરોમાં કરવામાં આવી. સંપુર્ણ ભારતમાં ચંદીગઢ પછી આયોજનબદ્ધ શહેર તરીકે બીજું ગાંધીનગર જાણીતું છે.

વર્ષ - ૧૯૭૧માં શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈના મુખ્યમંત્રીપદ હેઠળ ગુજરાતનું પાટનગર અમદાવાદથી ગાંધીનગર ખસેડવામાં આવ્યુ. આ સમયથી જ ગાંધીનગરને શ્રેષ્ઠ બનાવવની સાથે સુરક્ષિત અને સવલતસભર બનાવવાની સકારની નેમ હતી. વર્તમાન સમયમાં રાજ્ય તેમજ કેન્દ્ર સરકારનાં સમર્થ નેતૃત્વમાં જિલ્લાએ શાંતિ, સ્થિરતા અને એકતા સાથેના સર્વાંગી વિકાસનો સંગમ રચ્યો છે. જનભાગીદારી સાથે જિલ્લાએ ઉચ્ચ શિક્ષણ, આરોગ્ય, ઉધોગો, ઉર્જા, કૃષિ, માર્ગ વિકાસ, પાણી પુરવઠો, રોજગારી, મહિલા-બાળ વિકાસ તથા વંચિતોના વિકાસની દિશામાં અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે.

**હરિયાળા, સુવિકસીત, સુરક્ષિત અને પોતિકા ગાંધીનગરના ૫૮મા સ્થાપના દિવસે સૌ ગાંધીનગરાઓને વધામણી**

ગાંધીનગરની શૈક્ષણિક સંસ્થાઓની વાત કરવામાં આવે તો આજે ગાંધીનગર જિલ્લો વિકાસનું શ્રેષ્ઠ મોડલ બન્યો છે. પી.ડી.પી.યુ, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ડી.આઈ.સી.ટી, એન.આઈ.ડી, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,સ્પોર્ટ્સ યુનિવર્સિટી, આઈ.આઈ.ટી, ઈન્સ્ટિટ્યુટ ઓફ હોટેલ મેનેજમેન્ટ જેવી સંસ્થાઓ થકી ગાંધીનગરને શૈક્ષણિક નગરી તરીકેની નવી ઓળખ મળી છે. ગાંધીનગર આજે વૈશ્વિક કક્ષાની શિક્ષણ સુવિધાઓ, યુનિવર્સિટીઓ થકી વિદ્યાધામ બની દેશ વિદેશનાં વિધાર્થીઓને આકર્ષી રહ્યું છે. વિશ્વનાં શ્રેષ્ઠ શહેરોની બરાબરી કરી શકે તેવા મહત્વકાંક્ષી પ્રોજેક્ટસ જિલ્લામાં આકારીત થઈ રહ્યા છે. મહાત્મા મંદિર અને ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી એટલે કે ગિફ્ટ સિટી ગાંધીનગરની નવી ઓળખ બની ગયા છે. આપણા આવા હરિયાળા, સુવિકસિત, સુરક્ષિત અને પોતિકા ગાંધીનગરના ૫૮મા સ્થાપના દિવસે સૌ ગાંધીનગરાઓને વધામણી.

# ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટી ભારતની આર્થિક તાકાત બનીને ઉભરી રહ્યું છે

## ગિફ્ટ સિટીની મુખ્ય ૧૦ બાબતો....

૧. ભારતનું એકમાત્ર બિઝનેસ હબ, જે સ્માર્ટ અને ગ્રીન સિટી તરીકે દરજ્જો પામ્યું છે.
૨. ફાઈનાન્સ ક્ષેત્રે બેંચમાર્ક સેન્ટર ગણાતા શૈનજુકુ, ટોકિયો, લુજીઆઝુઈ, શાંઘાઈ, લા ડિફેન્સ, પેરિસ, લંડન ડોકયાર્ડને પણ પાછળ છોડી દીધા છે.
૩. ગિફ્ટ સિટીનો લેન્ડ એરિયા ૩.૫૮ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે.
૪. હરિયાળો વિસ્તાર ૧૧૮૩ હજાર સ્કવેરમીટર અને ઊંચાઈ ૪૧૦ મીટર છે.
૫. આ સિટીમાં કુલ ૩૩ હાઈરાઈઝ્ડ બિલ્ડીંગ બની રહ્યાં છે.
૬. કુલ બાંધકામ વિસ્તાર ૧૪૩ મિલિયન ચોરસફુટ છે, ઉંચું બિલ્ડીંગ ૪૦૫ મીટરનું હશે.
૭. ૨૩ ટકા વિસ્તાર રેસિડેન્શિયલ, ૬૦ ટકા કોમર્શિયલ, બે ટકા હોટલ, પાંચ ટકા રિટેઈલ, ૯ ટકા પબ્લિક બિલ્ડીંગ અને એક ટકા રિક્રિયેશન.
૮. ૬૫૦ એકરમાં પથરાયેલા સિટીમાં ૬૫ ટકા વિસ્તાર ગ્રીન એરિયા તરીકે રહેશે.
૯. ગિફ્ટની સાઈડે રિવરફ્રન્ટ અને અમદાવાદ-ગાંધીનગર મેટ્રોરેલ પ્રોજેક્ટ આવી રહ્યો છે.
૧૦. ૨૦૨૨ સુધીમાં આ સિટીમાં કુલ મૂડીરોકાણ ૧.૫૦ લાખ કરોડનું થશે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ જેવા આ પ્રોજેક્ટને વિશ્વકક્ષાએ લઇ જવાનું ગૌરવ પણ મોદીએ જ આપ્યું છે, ગાંધીનગર હવે યુએસ, યુકે અને સિંગાપુરની હરોળમાં

## ગિફ્ટમાં આવો અને વસવાટ કરો.. ઓપન ફોર ઓલ..

ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક સિટી (ગિફ્ટ)માં કોઈપણ વ્યક્તિ રહેણાંકના આવાસ ધરાવી શકશે તેવો નવો નિયમ લાગુ કર્યા પછી આ સિટીમાં ત્રણ કંપનીઓએ ૧૨.૨૬ લાખ સ્વેરફીટ જમીન વિકસિત કરવાનું નક્કી કર્યું છે. અગાઉ ગિફ્ટમાં ફાયનાન્સિયલ કંપની કે એકમ ધરાવતા સંચાલક અને તેના કર્મચારીઓ જ રહેઠાણના આવાસ મેળવવા હક્કદાર હતા.

ગિફ્ટ સિટીના સૂત્રોએ જણાવ્યું હતું કે નવા નિયમો લાગુ કર્યા પછી ગુજરાત અને દેશના વિવિધ મેટ્રો શહેરોમાંથી ડેવલપર્સે તેમની સ્કીમો લોંચ કરી છે જેમાં મુંબઈની શોભા ડેવલપર્સ અને સંગાથ મુખ્ય છે. આ ઉપરાંત હવે ત્રણ બીજી ફર્મ તરફથી વિશાળ જગ્યા એક્વાયર કરવામાં આવી છે. આવાસના નિર્માણ માટે કુલ છ ડેવલપર્સને ૩૩ લાખ ચોરસફુટ જગ્યા આપવામાં આવી છે.

ગિફ્ટ સિટીમાં નીલા સ્પેસ લિમિટેડ એ ત્રણ ડેવલપર્સમાં સૌથી મોટી કંપની છે કે જેણે ૫૧૨૮ ચોરસમીટરમાં ૫.૪ લાખ ચોરસફૂટ નિર્મિત ક્ષેત્રને વિકસિત કરશે. એવી જ રીતે કાવ્યારત્ન ગ્રુપ જો પહેલાથી જ ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં હાઉસિંગ પ્રોજેક્ટનું નિર્માણ કરી રહ્યું છે તેણે કેમ્પસમાં ૫ લાખ ચોરસફૂટ જગ્યા આવાસ બનાવવા માટે ગ્રહણ કરી છે.

અમદાવાદ સ્થિત સેવી ગ્રુપ અને એટીએસ ગ્રુપ બન્ને ભેગા મળીને ગિફ્ટ સિટીમાં ૨.૨ લાખ ચોરસફૂટ જગ્યામાં આવાસ વિકસિત કરે છે. આ જોઈન્ટ વેન્ચર કંપનીએ ગિફ્ટ સિટીમાં એક કોમર્શિયલ ટાવર પહેલાં જ વિકસિત કર્યો છે અને હવે રેસિડેન્સિયલ સ્કીમ બનાવી રહ્યું છે. ફિલ્મસ્ટાર અમિતાભ બચ્ચને પણ ગિફ્ટ સિટી પાસે એક મોટી જમીન ખરીદી છે.

## બે વર્ષમાં એક લાખ લોકો વસતા હશે...

આ સિટીની ફરતે ૩૨થી વધુ સ્કીમો મૂકવામાં આવી છે અને તેમના બાંધકામ ત્રણ વર્ષમાં પૂરાં થશે એટલે આ સિટીમાં વસતી એક લાખ જેટલી થવાની છે. ગિફ્ટ સિટીમાં ફાયનાન્સિયલ ઈમારતો પછી હવે રેસિડેન્સિયલ સ્કીમોની ભરમાર ફાટી નિકળી છે. આ સિટીમાં એક લાખ લોકોના વસવાટને ધ્યાને લઈને સરકારે ખાનગી ડેવલપર્સને ખાનગી જમીનમાં રેસિડેન્સિયલ ઈમારતો બનાવવાની પરવાનગી આપી છે.

ગિફ્ટ સિટીમાંતો રેસિડેન્શિયલ ઈમારતો બની રહી છે પરંતુ સિટી વિસ્તાર બહાર ખાનગી જમીન ખરીદીને બિલ્ડરોએ જમીન એક્વાયર કરી છે અને તેમાં એપાર્ટમેન્ટ અને બંગલોની સ્કીમો મૂકી છે. દિલ્હી, અમદાવાદ, બેંગલોર અને મુંબઈના બિલ્ડરોએ નવું મૂડીરોકાણ ગિફ્ટ સિટીમાં કરવાનું નક્કી કર્યું છે અને તેનો ભાવ ચોરસફુટમાં રાખવામાં આવ્યો છે. શહેરમાં પહેલીવાર મિલકતની ગણતરી ચોરસ ફુટમાં કરવામાં આવી રહી છે.ગાંધીનગરમાં સામાન્ય રીતે પહેલાં કોઈપણ જમીન અથવા મિલકતની ગણતરી ચોરસ મીટરમાં થતી હતી ત્યારપછી વારનો ભાવ આવ્યો હતો અને હવે ચોરસ ફુટના ભાવે જમીન અને મિલકતો વેચાય છે. દેશના ટોચના બિલ્ડર ગ્રુપે ગિફ્ટ સિટીમાં ટાઉનશીપ અને અર્બન એસેટ્સ દ્વારા સસ્તા અને સ્માર્ટ હોમ્સ પ્રોજેક્ટ સાથે રહેણાંક રિયલ એસ્ટેટ સેગમેન્ટમાં પ્રવેશ કર્યો છે.

## મોદીએ જાહેર કરેલી ઉપલબ્ધિઓ...

૧. ન્યૂ ડેવલપમેન્ટ બેક્ક (NDB) દ્વારા ઈન્ડિયન રીજનલ ઓફિસ (IRO)ની સ્થાપના
૨. ત્રણ વિદેશી બેક્કના બેક્કિંગ યુનિટની શરૂઆત
૩. બેક્ક ઓફ અમેરિકાના ગ્લોબલ ઈન હાઉસ સેન્ટરની ક્ષમતાનું વિસ્તરણ
૪. ચાર ઈન્ટરનેશનલ ટ્રેડ ફાઈનાન્સ સર્વિસ (ITFS) પ્લેટફોર્મનું સંચાલન
૫. GIFT-IFSC ખાતે પાંચ ફિનટેક કંપનીઓને ઓથોરાઈઝેશન સર્ટિફિકેટ એનાયત
૬. GIFT-IFSCમાં ઑપરેશન શરૂ કરવા માટે ૧૦૦ બ્રોકર-ડીલર્સ વતી એસોસિએશન ઑફ નેશનલ એક્સચેન્જ મેમ્બર્સ ઑફ ઈન્ડિયા (ANMI) અને કોમોડિટી પાર્ટિસિપન્ટ્સ એસોસિએશન ઑફ ઈન્ડિયા (CPAI) દ્વારા સંયુક્ત લેટર ઓફ ઈન્ટેન્ટની સોંપણી
૭. આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીમાં ઈન્ડિયા INX પર બોન્ડનું ૭૫મું લિસ્ટીંગ
૮. ઈન્ટરનેશનલ સસ્ટેનેબિલિટી પ્લેટફોર્મ (ISX) ની શરૂઆત

## પહેલું ઈન્ટરનેશનલ મેરીટાઈમ સર્વિસ કલસ્ટર

ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ ટેક (ગિફ્ટ) સિટીમાં દેશનું પહેલું ઈન્ટરનેશનલ મેરીટાઈમ સર્વિસ કલસ્ટર સ્થપાશે. આ કલસ્ટર ગુજરાત મેરાટાઈમ બોર્ડ સ્થાપી રહ્યું છે જેમાં બંદરિય સેવાઓ, શિપીંગ અને લોજીસ્ટિક સેવાઓ પ્રદાન કરાશે. આ મેરીટાઈમ કલસ્ટર ઈકો સિસ્ટમ તરીકે વિકસિત કરવામાં આવશે જે સહભાગીઓની નિકટતા અને ઉપલબ્ધતાને સક્ષમ બનાવશે. ગિફ્ટ સિટીના એમડી અને ગ્રુપ સીઈઓ તપન રે એ કહ્યું છે કે આ કલસ્ટરની મદદથી ભારતની આર્થિક સદ્ધરતા અને ઓળખ પ્રસ્થાપિત થશે.

ગિફ્ટ સિટીએ દેશનું પ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી અને આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર છે. જીએમબીના વાઈસ ચેરમેન અને સીઈઓ અવંતિકા સિંહે કહ્યું હતું કે આ પ્રોજેક્ટ ભારતનો પ્રથમ પ્રકારનો વ્યાપારી દરિયાઈ લેવા કલસ્ટર હશે, જે દરિયાઈ ક્ષેત્રમાં સ્પર્ધાત્મકતા અને આત્મનિર્ભરતા વધારવા તેમજ અનેક સોલ્યુશન પ્રદાન કરવા માટે મહત્વનો રહેશે. ગિફ્ટ સિટીમાં અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૈશ્વિક કક્ષાની બેક્કીંગ સુવિધા અને સંસ્થાઓ છે, જે કલસ્ટર માટે આર્થિક સદ્ધરતા, સહયોગ અને વ્યવસાયિક તકો માટે પ્રોત્સાહિત કરશે. આ સાથે મેરીટાઈમ એજ્યુકેશનની એક પ્રિમિયર સંસ્થા ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી પણ ગિફ્ટ સિટીમાં સ્થપાઈ રહી છે. આ કલ્સ્ટર મેરીટાઈટ અને શિપીંગ સેક્ટરમાં એક વૈકલ્પિક વિવાદ સમાધાન કેન્દ્ર એટલે કે ઓલ્ટરનેટ ડિસ્પ્યુટ રિસોલ્યુશન માટે પણ કામ કરશે, જે દરિયાઈ ક્ષેત્રે સંકળાયેલા લોકો માટે આર્થિક લાભ અને વ્યાપારમાં આસાની સુનિશ્ચિત કરશે, જે અત્યારે આંતરરાષ્ટ્રીય મધ્યસ્થતા કેન્દ્ર પર નિર્ભર છે.

## રિયલ એસ્ટેટ માટે ગિફ્ટ ઉત્તમ વિકલ્પ બન્યો છે

ગુજરાતનું ગિફ્ટ સીટી હવે રોજગારી અને ઉદ્યોગની સાથોસાથ રિયલ એસ્ટેટ ક્ષેત્રને પણ વેગ આપશે તેવું ગિફ્ટ સિટીના મેનેજિંગ ડિરેક્ટર તપન રાયે જણાવ્યું હતું. ગિફ્ટ સિટી ખાતે કુલ ૬૨ મિલિયન સ્ક્વેર ફૂટ જગ્યામાં ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરાશે. જ્યારે ૧૪ મિલિયન સ્ક્વેર ફૂટનો વિસ્તાર રહેણાંક હેતુ માટે ફાળવી દેવામાં આવશે. જે કુલ વિસ્તારના ૨૨ ટકા જેટલો ભાગ ગણી શકાય છે. જો કે, મહત્વપૂર્ણ બાબત એ પણ છે કે ગિફ્ટ સિટીમાં સૌ કોઈ માટે દ્વાર ખોલી દેતાં હવે ગિફ્ટ સિટી માં મિલકતના ભાવ પુર ઝડપે વધી શકે છે. રાજ્યના અનેક મહાનગરોમાં જે રીતે જમીન અને મિલકતના ભાવ આસમાને પહોંચી રહ્યા છે તે મુજબ જ ગિફ્ટ સિટી ખાતે મિલકતનો ભાવ ખૂબ ઝડપે વધે તેવી શક્યતા છે.

ગિફ્ટસિટીમાં અત્યાર સુધી બિઝનેસ માટે ટાવર સ્થપાયા છે, આ પ્રથમ રેસિડેન્શિયલ ટાવર ઊભા થશે. આ અગાઉ ગિફ્ટસિટીમાં સ્થપાયેલા બે ઓફિસ ટાવર પણ ૨૮ માળના છે. શોભા ડેવલપર્સનો ગુજરાતનો આ પ્રથમ પ્રોજેક્ટ છે અને કંપની આ ટાવરના બાંધકામ ૨૦૨૪માં પૂર્ણ કરશે. આ રેસિડેન્સી પ્રોજેક્ટ સાથે ગિફ્ટસિટીમાં તેના આયોજન મુજબ ટૂંક સમયમાં ગિફ્ટનો વોક-ટુ-વર્ક કોન્સેપ્ટ પણ અમલમાં મુકાશે.

ગુજરાતનું પાટનગર ગાંધીનગર ૫૭ વર્ષનું થયું છે. આ શહેરને હવે ઈન્ટરનેશનલ ઓળખ મળી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવું ગિફ્ટ સિટી ભારતની આર્થિક તાકાત બનીને ઉભરી રહ્યું છે. ગિફ્ટ સિટીમાં આવનારા પાંચ વર્ષમાં એક લાખ કરતાં વધુ લોકોનો વસવાટ હશે. બિઝનેસની સાથે કોમર્શિયલ એક્ટિવિટી શરૂ થતાં હવે ગિફ્ટ સિટીને વૈશ્વિક ઓળખ મળી છે.

તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગિફ્ટ સિટીમાં મહત્વની ઉપલબ્ધિઓની જાહેરાત કરી છે જે પૈકી મુખ્યત્વે આઈએફએસસીએ ટાવરનો શિલાન્યાસ, ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ, NSE IFSC – SGX કનેક્ટની શરૂઆત તેમજ વિદેશી નિયમનકારી સત્તાઓ સાથે સમજૂતી કરારનો સમાવેશ થાય છે. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ કહ્યું છે કે ગિફ્ટ સિટીએ માત્ર પ્રોજેક્ટ નથી પરંતુ ભારતની આર્થિક તાકાત બની રહ્યું છે અને દેશને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગૌરવ અપાવશે.

### બુલિયન એક્સચેન્જની વિશેષતા...

આ એક્સચેન્જ બનતાં હવે સ્ટોક માર્કેટની જેમ ગોલ્ડનું ટ્રેડીંગ પણ થઈ શકશે. ગિફ્ટ સિટીમાં સોના માટે ૧૨૫ ટન અને ચાંદી માટે ૧૦૦૦ ટન સુધીની સંગ્રહ ક્ષમતા સ્થાપિત કરવામાં આવશે. આ ઉપરાંત એસઈઝેડમાં કોઈપણ એકમ કે જેને આઈઆઈબીએસ પર ટ્રેડીંગ માટે બુલિયન સ્પોટ ડિલિવરી કોન્ટ્રાક્ટ અને બીડીઆર ઈસ્યુ કરવા માટે બુલિયન સ્ટોર કરવાની મંજૂરી આપવામાં આવી છે. તેને આઈએફએસસીમાં એક એકમ તરીકે માન્ય રાખવામાં આવશે. ભારતના તમામ ચાવીરૂપ બુલિયન કેન્દ્રો પરની સંગ્રહ સુવિધા સમગ્ર દેશમાં જ્વેલરી ઉત્પાદકો અને નિકાસકારો માટે બુલિયન પુરૂં પાડવા માટે ગિફ્ટ ખાતે ટ્રેડીંગ હબ તરીકે સેવા અપાશે. દેશમાં જે પણ સોનું આયાત કરવામાં આવશે તે આ એક્સચેન્જ હેઠળ આવશે. આ એક્સચેન્જ પછી સોનાના યોગ્ય ભાવ નક્કી કરવામાં આવશે. કિંમત અને ગુણવત્તા સબંધિત પારદર્શિતા વધશે.

### IFSCA મુખ્યાલયનો શિલાન્યાસ...

અગ્રણી આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્ર તરીકે GIFT-IFSCની વધતી જતી આગવી ઓળખને અનુરૂપ એક અભૂતપૂર્વ ઈમારત તરીકે જેની પરિકલ્પના કરવામા આવી છે તે “IFSCA ટાવર”નો બિલ્ટ અપ એરિયા ૩,૦૦,૦૦૦ ચોરસ ફૂટ હશે તેમજ તેમાં વિશ્વસ્તરની આધુનિક સુવિધાઓ સાથે ૨૭ માળનું આ ભવન આકાર લેશે. ગિફ્ટ સિટીના સ્માર્ટ સિટી કન્સેપ્ટને ધ્યાનમાં રાખીને, IFSCA ટાવરને અત્યંત કાર્યક્ષમ અને ટકાઉ માળખા સાથે પ્લેટિનમ રેટેડ ગ્રીન બિલ્ડિંગ તરીકે ડિઝાઈન કરવામાં આવ્યું છે. તેના નિર્માણમાં રૂ. ૨૦૦ કરોડના ખર્ચનો અંદાજ છે. ૨૦૨૪માં નિર્માણ પૂર્ણ થયા બાદ IFSCA ટાવર ગિફ્ટ સિટીમાં એક અદભુત ઈમારત તરીકે ઉભરી આવશે અને આત્મનિર્ભર ભારતના સપના અને આકાંક્ષાઓનું પ્રતિક બનશે.